# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ફેકસ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦
૨૩૨૫૪૪૪૦ નાયબ નિયામક(વ)
૫૨૦૫૦ (GSWAN)
**E-mail :-dydir-dat@gujarat.gov.in**

ગુજરાત રાજય
" વિમા અને લેખા ભવન "
બ્લોક નં. ૧૭, ડૉ. જીવરાજ મહેતા ભવન સંકુલ,
એમ.એલ.એ.કવાર્ટર સામે, સેકટર-૧૦/બી,
ગાંધીનગર-૩૮૨૦૧૦

**નંબર** : હિતિનિ/શાસન-૨/૪/ઉ.ના.સ./વર્ગ-૩/વર્ગ-૪/૭-૧૧/૪૭૫૮ **તારીખ** : ૨૮-૯-૨૦૧૧

ધ, ૪૭૭

## :: પ રિ પ ત્ર ::-

આ ખાતાના નિયંત્રણ હેઠળની કચેરીઓના તમામ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, સામાન્ય વહીવટ વિભાગના તા.૫-૭-૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ-રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક(નકલ સામેલ છે) થી સરકારશ્રી ધ્વારા ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ--૪ના કર્મચારીઓના કિસ્સામાં આશ્રિતને રહેમરાહે નોકરી આપવાના બદલે ઉચ્ચક નાણાંકિય સહાય ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે. જેથી હવે તે ઠરાવ પ્રમાણે ઉચ્ચક સહાય મેળવવા માટે દરખાસ્ત કરવાની રહેશે. દરખાસ્ત કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં લેવી.

- ➢ રહેમરાહે નિમણૂંક અંગેની અગાઉની યોજના અન્વયે જે કેસોનો અસ્વીકાર કરવામાં આવેલ છે, તેવા કેસોની આ યોજના અન્વયે કોઈ પુનઃ વિચારણાં કરવાની રહેશે નહી. માટે અસ્વીકાર થયેલા કેસો અત્રે મોકલવાના રહેશે નહિં.
- ➢ જયાં કુટુંબમાં પતિ તથા પત્નિ બંન્ને સરકારી કર્મચારી હોય અને તે પૈકી કોઈ એકનું ચાલુ નોકરી દરમ્યાન અવસાન થાય તે સંજોગોમાં તેવા સ્વર્ગસ્થ કર્મચારીના કુટુંબને આ સહાય મળવાપાત્ર નથી.
- ➢ ઉકત સામાન્ય વહીવટ વિભાગના તા.૫-૭-૧૧ ના ઠરાવના ફકરા-૩(૫) માં દર્શાવેલ વિગતે ચેકલીસ્ટ સાથે સામેલ સોગંદનામું (પેઢીનામા આધારીત) મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ કરાવી રજુ કરવાનું રહેશે.

વધુમાં હવેથી આ ખાતાના ચાલુ સેવા દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને ઉચ્ચક નાણાંકિય સહાય ચૂકવવા આ સાથે સામેલ ચેકલીસ્ટ મુજબ જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો ની પ્રમાણિત નકલો સહિતની દરખાસ્ત વર્ગ-૩ ના કિસ્સામાં શાસન-બિરાંપ-૨ શાખા અને વર્ગ-૪ ના કિસ્સામાં શાસન-પરીક્ષા શાખામાં મોકલી આપવાની રહેશે.

૬૭૮૦
૨૮/૯/૧૧

**બિડાણ:-**

- તા.૫-૭-૨૦૧૧ નો સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ.
- ચેકલીસ્ટ
- મેજીસ્ટ્રેટ સમક્ષનું સોગંદનામું.(પેઢીનામા આધારીત)

**(એસ.એ.ખંભાતી)**
નાયબ નિયામક(વહીવટ).

નકલ સવિનય રવાના પ્રતિ:-

(૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રો.ફંડ નિયામકની કચેરી, બ્લોક નં.૧૮, જુના સચિવાલય, ગાંધીનગર.
(૨) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસા, બ્લોક નં.૧૭, જુના સચિવાલય, ગાંધીનગર.
(૩) પગાર અને હિસાબ અધિકારીશ્રી, પગાર અને હિસાબ કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
(૪) શ્રેયાન તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, અમદાવાદ/વડોદરા/રાજકોટ.
(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, (તમામ)
(૬) જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી (તમામ)
(૭) તિજોરી અધિકારીશ્રી(પેન્શન), પેન્શન ચૂકવણાં કચેરી, અમદાવાદ.
(૮) હિસાબી અધિકારીશ્રી, બીલ-બજેટ/શા.રેકર્ડ/શા.પરીક્ષા/જુ.વિ.યો./એચ.ડી.એફ.સી.શાખા, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર.
(૯) નિયામકશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર.
(૧૦) દફતરી હુકમ ફાઈલ. (૧૧) પસંદગી ફાઈલ.

E:\DEKSTOP\MY DOCUMENTS\K.J.P\ASP-3.doc

**ખાતાના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને ઉચ્ચક નાણાંકિય સહાય ચૂકવવા બાબતે ચેકલીસ્ટ :-**

---

**(અ)**

(૧) સ્વ.કર્મચારીનું નામ :-

(૨) હોદ્દો:-

~~(૩) વર્ગ:-~~

(૪) જન્મ તારીખ (સર્વિસબુક મુજબ) :-

(૫) નોકરીમાં પ્રથમ નિયમિત નિમણૂંકની તારીખ:-

(૬) કરેલ નિયમિત નોકરીનો સમયગાળો :- વર્ષ........ માસ...... દિવસ.......

(૭) સ્વ.કર્મચારીની ભરતી માન્ય ભરતી પધ્ધતિ મુજબ થયેલ હતી કે કેમ? :- 'હા' કે 'ના'

(૮) રાજ્ય સેવાના કર્મચારી હતા કે કેમ? :- 'હા' કે 'ના'

**(બ)**

(૧) સ્વ.કર્મચારીના અવસાનની તારીખ :-
(મૃત્યુ પ્રમાણપત્ર અસલ સામેલ રાખવું)

(૨) બાકી નોકરીનો સમયગાળો :- વર્ષ ........ માસ...... દિવસ.....
(બાકી નોકરી અંગેનું પ્રમાણપત્ર સામેલ રાખવું)

(૩) ચૂકવવાપાત્ર ઉચ્ચક નાણાંકિય સહાયની રકમ :- રૂ...................................
(તા.૫-૭-૨૦૧૧ ના ઠરાવ મુજબ)

**(ક)** (૧) કાયદેસરના વારસદારનું નામ :-
(નોમીનેશન મુજબ આધાર સામેલ રાખવો)

(૨) કુટુંબ પેન્શન મંજુરીનો હુકમ સામેલ રાખવો :-

(૩) સ્વ.કર્મચારીના પતિ/પત્નિ/શ્રી/શ્રીમતી..........................
સરકારી સેવામાં નથી.

(૪) કુટુંબ પેન્શન જેના નામે મંજુર થયેલ છે તેનું નામ :-

સ્થળ :-

તારીખ:- **કચેરીના વડાની સહી(સિક્કા સહિત)**

**નોંધ :-** દરખાસ્ત અસલ સેવાપોથી સહિત કરવાની રહેશે.

E:\DEKSTOP\MY DOCUMENTS\K.J.P\ASP-3.doc

# :: સોગંદનામું ::

આથી સોગંદનામું કરવામાં આવે છે કે, સ્વર્ગસ્થ કર્મચારી શ્રી/શ્રીમતી.................................
..............................................ના પતિ/પત્ની/પુત્ર/પુત્રી/શ્રી/કુ./શ્રીમતી..............................
............................. (આશ્રિત વારસદારો) ભારત સરકાર, ગુજરાત સરકાર કે અન્ય રાજ્ય સરકાર/અર્ધ સરકારી સંસ્થા, રાજ્ય/કેન્દ્ર સરકાર હસ્તકના બોર્ડ/ કોર્પોરેશન, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, તાલુકા/જિલ્લા પંચાયત, રાષ્ટ્રિયકૃત બેન્કો, સહકારી સંસ્થાઓ (દા.ત.નાગરિક સહકારી બેન્કો, જિલ્લા દુધ ઉત્પાદક સંઘો, ગુજકોમાસોલ, રાજ્ય ની ખેત ઉત્પાદન બજાર સમિતિઓ, જિલ્લા મધ્યસ્થ બેન્કો વિગેરે) તથા રાજ્ય સરકાર, કેન્દ્ર સરકારના અધિનિયમ હેઠળ સ્થપાયેલ સંસ્થાઓ વગેરે પૈકી કોઈમાં પણ નિયમિત નિમણૂંક ધરાવતા કર્મચારી/ અધિકારી નથી.

સ્થળ :–

તારીખ:– **સોગંદનામું કરનારની સહી..........................**

**રૂબરૂ**